# પાલનપુરના મુસ્લિમ યુવાનનું ટ્રેનના સિગ્નલ સાથે માથુ અથડાતા મોત

પાલનપુર, તા.૮

પાલનપુર શહેરના જુમ્મા મસ્જિદ વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય એક આશાસ્પદ મુસ્લિમ યુવાન ટ્રેનમાં મુસાફરી કરત હતો ત્યારે સાંતલપુર પાસેના સણસોલ રેલવે યાર્ડ પર સિગ્નલ સાથે માથુ અથડાતા કમકમાટીભર્યું મોત નિપજયું હતું. આ કરુણ બનાવના સમાચાર શહેરમાં વાયુવેગે ફેલાતા મુસ્લિમ સમુદાયમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક યુવાનની રાત્રે ઈશાની નમાઝ પછી દફનવિધિ યોજાતા અસંખ્યલોકો દફનવિધિમાં જોડાયા હતા.

પાલનપુરના જુમ્મા મુસ્જિદ વિસ્તારમાં રહેતા અને રેલવે પોલીસ કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતા મહંમદખાન પઠાણના ૨૨ વર્ષીય પુત્ર મઝહર પઠાણ પોતાના પિતાને મળવા ગાંધીધામ ગયેલ દરમિયાન આજ રોજ ગાંધીધામ-પાલનપુર ઈન્ટરસીટી ટ્રેનમાં પાલનપુર આવતો હતો ત્યારે સાંતલપુરના સણસોલ રેલવે યાર્ડ પાસે ટ્રેનના દરવાજા પાસે આવી સ્ટેશન જોવા જતા ચાલુ ટ્રેનમાં સિગ્નલના થાંભલા સાથે માથુ અથડાતા તે ટ્રેનમાંથી ફેંકાઈ ગયો હતો અને ઘટના સ્થળેજ તેનું કરૂણ મોત નિપજયું હતું. આ કરૂણ બનાવથી મુસ્લિમ સમાજમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે.



પાલનપુર જિલ્લામાં પોલીસે ટ્રાફિક ડ્રાઈવમાં ૨૦ હજારથી વધુ વાહનચાલકોને હેલ્મેટ, સીટબેલ્ટ, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ જેવી બાબતો પર દંડ ફટકાર્યો હતો. પોલીસે વાહન ચાલકોને ટ્રાફિકના નિયમના પાઠ પણ ભણાવ્યા હતા. કાયદાની ઐસી કી તૈસી કરનાર વાહન ચાલકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ભાજપની સંગઠન પર્વની આજે કાર્યશિબિરનું આયોજન કરાયું

## નૂતન વર્ષ સ્નેહમિલન યોજાશે : નૂતન વર્ષ સ્નેહમિલનમાં મુખ્યમંત્રી આનંદીબેન અને પ્રદેશ હોદ્દેદારો હાજર રહેશે

અમદાવાદ, તા.૦૮

ગુજરાતના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ આજે જણાવ્યું હતું કે, આવતીકાલે ૯ નવેમ્બરે રવિવારના રોજ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપાના સંગઠન પર્વની કાર્યશિબિર અને નૂતન વર્ષ સ્નેહ મિલન યોજાશે.

જાડેજાએ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે, પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ કોબા, ગાંધીનગર ખાતે આવતીકાલે બપોરે યોજાનારી સંગઠન પર્વની કાર્યશિબિરમાં રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષ, રાષ્ટ્રીય સંગઠન પર્વ ઈન્ચાર્જ અને પ્રદેશ પ્રભારી ડો. દિનેશ શર્મા અને પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ માર્ગદર્શન આપશે. તેમણે જણાવ્યું હતું કે, આ કાર્યશિબિરમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ સંગઠન પર્વના ઈન્ચાર્જ સહ ઈન્ચાર્જ, મોરચાના પ્રદેશ પ્રમુખ મહામંત્રીઓ, વિવિધ સેલના પ્રદેશ સંયોજન, પ્રદેશના વિવિધ સેલના કન્વીનર-સહ, કન્વીનર, જીલ્લા મહાનગરના પ્રભારી, પ્રમુખ મહામંત્રીઓ, જીલ્લા મહાનગરના સંગઠન પર્વના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જો ઉપસ્થિત રહેશે. જાડેજાએ જણાવ્યું હતું કે પ્રદેશ ભાજપનો નૂતન વર્ષ સ્નેહ મિલન સમારોહ રવિવારે સાંજે પ્રદેશ કાર્યલય ખાતે રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષજી રાષ્ટ્રીય સંગઠન પર્વ ઈન્ચાર્જ અને પ્રદેશ પ્રભારી ડો. દિનેશ શર્મા અને પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાશે. આ સ્નેહ મિલન સમારોહમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ સંગઠન પર્વના ઈન્ચાર્જ સહ, ઈન્ચાર્જ મોરચાના પ્રદેશ પ્રમુખ મહામંત્રીઓ, વિવિધ સેલના પ્રદેશ સંયોજક, પ્રદેશના વિવિધ સેલના કન્વીનર, પ્રદેશ કારોબારી સભ્યો પક્ષના નેતા અને જીલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ કારોબારી ચેરમેન, વિપક્ષ નેતા અને ઉપસ્થિત રહેશે.

# અમદાવાદમાં ૬ કરોડના ખર્ચે નવનિર્મિત ભવનનું લોકાર્પણ

## સામાન્ય લોકોની મહેસુલી સમસ્યાઓ સામે સંવેદનશીલ માનવીય અભિગમ અપનાવવાનો મહેસુલ તંત્રને અનુરોધ

અમદાવાદ, તા.૦૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સામાન્યમાં સામાન્ય નાગરીક, ખેડૂત, આમ આદમીની મહેસુલી સમસ્યાઓ સામે સંવેદનશીલ માનવીય અભિગમ અપનાવવા મહેસુલ તંત્રને અનુરોધ કર્યો છે આનંદીબેને આજે અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ મહેસુલી અપીલ અને રિવીઝન ભવનનું લોકાર્પણ કર્યું હતું. રૂા. ૬ કરોડ ૧૨ લાખના ખર્ચે વિવિધ સવલતો સાથેના ૨૦ રૂમ ધરાવતુંઆ ભવન ૧૦૧૫૩ ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ થયું છે. તેમણે ખેડૂતપુત્ર અને અન્યાય સામે ન ઝુકનાર સરદાર સાહેબના નામ સાથે જોડાયેલું આ ભવન સરદાર સાહેબના દૃઢ મનોબળ અને ન્યાય-અન્યાયના નિરક્ષિર વિવેકની કાર્ય સંસ્કૃતિ કર્મયોગીઓમાં ઉજાગર કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીએ મહેસુલી સુધારાઓ તેમજ જમીન પ્રક્રિયા સરળ બનાવવી રાજ્યશાસનની ભૂમિકા આપતા કહ્યું કે હવે આપણે મહેસુલી બાબતોના પડતર કેસોની પેન્ડન્સી ઝિરો કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું છે. સામાન્ય માનવીની જમીન, મહેસુલ સ્પરશતી બાબતોમાં સરકાર ન્યાયપૂર્ણ અને સકારાત્મક અભિગમ ધરાવે છે તેની વિગતો પણ આનંદીબેન પટેલે આપી હતી. મહેસુલી પડર પ્રશ્નોના વારસાઈ નોંધણીના કેસો માટે રાજ્યવ્યાપી ઝુંબેશના પરિણામે લાખો કેસોમાં વારસાઈ દાખલ થઈ છે.

# અમદાવાદમાં વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ પરિપૂર્ણ

## કાંકરિયા લેકફ્રન્ટમાં ૩૨ કરોડનું એમ્યુઝમેન્ટ પાર્ક બન્યુ

અમદાવાદ, તા.૦૮

મુખ્યમંત્રી આનંદીબેન



પટેલે રાજ્યમાં મહાનગરો, નગરોમાં બાગ બગીચા, ઉદ્યાન, જાહેર મનોરંજન સ્થળોની સ્વચ્છતા સફાઈ માટે જાગૃતિ ભાવ પ્રેરિત કરવા બાળ સ્વચ્છતા સેના રચવાની નેમ દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગંદકી, મુક્ત નગરોથી સ્વચ્છ સ્વસ્થ સમૃદ્ધ ગુજરાતના નિર્માણ માટે સફાઈ સ્વચ્છતાનો નાગરીક કર્તવ્ય ધર્મ જગાવવા આ બાળ સેનાનીઓ લોકોને ગંદકી કચરો દૂર કરવા સમજાવે તેમજ સ્વચ્છતાથી સ્વસ્થતાના લાભાલાભ બાળ સહજ પ્રવૃત્તિઓ દ્વારા દર્શાવી ચોખ્ખાઈની આલબેલ પોકારે તેવું આયોજન પ્રશાસનિક તંત્ર હાથ ધરે તે આવકાર્ય છે. આનંદીબેને અમદાવાદના નગરજનો અને બાળકો માટે મનોરંજન રોમાંચના નવિન નજરાણા સમા કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્કમાં રૂા. ૩૨ કરોડની વિવિધ રાઈડ્સ અને રોમાંચક દિલધડક રમતો પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે ઉભી થઈ છે તેનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ વિદેશોમાં માણવા મળતી આધુનિક રાઈડ્સ અમદાવાદના આંગણે ઉપલબ્ધ બની છે તેનો લાભ લઈ સાહસ, રોમાંચ અને શૌર્ય સાથે બાળકોમાં સ્વચ્છતા સંસ્કાર ઉજાગર કરવાની પ્રેરણા આપી હતી. તેમણે ઈસનપુર વોર્ડ ઉદ્યાન તેમજ કે.કા. શાસ્ત્રી શિક્ષણ સંકુલમાં રૂા. ૧૧ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી એમસીએ કોલેજ ભવન પણ આજે ખુલ્લા મુક્યા હતા.

આ અવસરે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ તથા રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, શંકર ચૌધરી તેમજ સાંસદ કિરીટ સોલંકી, અમદાવાદ મહાનગરના મેયર મીનાક્ષીબહેન પટેલ, ધારાસભ્યો, મહાપાલિકાની વિવિધ સમિતિના પદાધિકારીઓ નગર સેવકો



અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વચ્છ ગુજરાત સ્વસ્થ મુખ્યમંત્રીએ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ ૨૦૧૯માં ઉજવાશે તે સંદર્ભે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારતનો જે કોલ દેશવાસીઓને નઆપ્યો છે તેમાં ગુજરાતનો પ્રત્યેક નાગરીક સ્વંય સ્વચ્છતા-સફાઈનો સંવાહક બની ભારત માટે પ્રતિબંધ્ધ બને તેવી અપીલ કરી હતી.

# મુખ્યમંત્રી આજે રાજકોટમાં જશે : લોકાર્પણના કાર્યક્રમો

## આયુર્વેદ હોસ્પિટલ અને માર્કેટ યાર્ડ અદ્યતન સંકુલ તેમજ પોલીસ મથકના નવા બિલ્ડીંગનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ

ગાંધીનગર, તા.૦૮

રાજયના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ આવતીકાલે રવિવારે સવારથી અડધો દિવસ માટે રાજકોટ જશે. ગાંધીનગરથી ખાસ હેલિકોપ્ટરમાં સવારે ૯ વાગ્યે રાજકોટ જઈ રહેલા આનંદીબેન પટેલ સૌપ્રથમ યુનિવર્સિટી રોડ પર બનાવવામાં આવેલી આયુર્વેદ હોસ્પિટલનું લોકાર્પણ કરશે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ૨.૪૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી આ હોસ્પિટલના લોકાર્પણ સમારોહ વખતે આરોગ્ય વિભાગના કેબિનેટ પ્રધાન નિતીન પટેલ, કૃષિ અને પાણી પુરવઠા વિભાગના રાજયકક્ષાના પ્રધાન ગોવિંદ પટેલ ઉપસ્થિત રહેશે.

મુખ્યપ્રધાનની આવતીકાલની રાજકોટની મુલાકાતને ધ્યાનમાં રાખી સમગ્ર શહેરમાં સજ્જડ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને મુખ્યપ્રધાન જે રૂટ પરથી પસાર થવાના છે તે તમામ રૂટ પર ડગલેને પગલે પોલીસ મુકી દેવામાં આવી છે. આજે પોલીસ તંત્ર દ્વારા સમગ્ર રૂટ પર બંદોબસ્તનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. સવારે ૯:૩૦ વાગ્યે આયુર્વેદ હોસ્પિટલના લોકાર્પણનો કાર્યક્રમ પુરો થયા બાદ મોરબી રોડ પર બેડી નજીક બનાવવામાં આવેલા રાજકોટ માર્કેટ યાર્ડના અદ્યતન સંકુલનું મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ લોકાર્પણ કરશે. બેડી ખાતે નીતિન પટેલ, બાબુભાઈ બોખીરીયા, નાનુભાઈ વનાણી, વિઠ્ઠલ રાદડિયા, ગોવિંદ પટેલ વગેરે ઉપસ્થિત રહેશે. યાર્જના લોકાર્પણવિધિ પુરી થઈ ગયા બાદ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનના નવા બનાવવામાં આવેલા બિલ્ડીંગનું લોકાર્પણ મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ કરશે. રાજકોટ ખાતેના ત્રણેય કાર્યક્રમો પુરા થયા બાદ બપોરે ૧ થી ૧:૩૦ સુધી સર્કિટ હાઉસ ખાતે ટુંકી રોકાણ કરી ખાસ હેકિોપ્ટરમાં આનંદીબેન પટેલ રાજકોટથી જામકંડોરણા જવા રવાના થશે. હરિદ્વાર ખાતે કરોડો રૂપિયાના ખર્ચે બંધાઈ રહેલા લેઉવા પટેલ સમાજના સંકુલની શિલાપૂજનવિધી જામકંડોરણા ખાતે મુખ્યપ્રધાન હસ્તે કરવામાં આવશે.

## શબ્દાવલી - ૫૫૫૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | | |
| | ■ | ૯ | | | | | |
| ■ | ૧૦ | ■ | | ■ | ■ | ૧૧ | ■ |
| ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ | | |
| ૧૫ | | | ■ | ૧૬ | | | ■ |
| | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ |
| | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. ધર્મ, ધરમ (૪)
૪. ઉત્સુકતા, પ્રબળ હોંશ (૩)
૬. બહુ થોડુ, જરા (૨)
૭. આડુઅવળુ જોયા કરવું, ... મારવા (૩)
૯. પેકીંગ માટે મુકાતો કાણા વાળો સિક્કો (૪)
૧૨. સવારી કરનાર (૪)
૧૪. માગણા પેટે ચુકતે થયેલ રકમ (૩)
૧૫. હોકો, ચુંગી (૩)
૧૬. ઘોડો (૩)
૧૭. ગોદ, ખોળો (૨)
૧૯. મોકલેલુ, વિદાય કરેલ (૩)
૨૧. કૃષ, ઘસાઇ ગયેલું (૨)
૨૨. લીન, મગ્ન (૨)

### ઊભી ચાવી

૧. મજુરી કરનાર (૩)
૨. ન્યાય કરનાર (૨)
૩. મોટી મોટી વાતો કરનાર (૫)
૪. પરાણે, ધરાહાર (૩)
૫. સોગન, કસમ (૩)
૮. ચહેરો (અંગ્રેજીમાં (૨)
૧૦. મેળવવું તે, ... કરવું (૩)
૧૧. કસુરમાં આવેલું (૫)
૧૨. આશ્ચર્ય (૪)
૧૩. જમીને ડાબે પડખે થવું તે (૪)
૧૪. કોઠાર, ગોદામ (૩)
૧૮. ચળ, ખંજવાળ (૨)
૨૦. ન્યાત, જાતિ (૨)

### શબ્દાવલી ૫૫૫૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભગવાન (૫) સુગ્રીમ (૭) રળિયામણુ (૧૦) પોશાક (૧૨) રોગચાળો (૧૪) નટ (૧૫) તક (૧૭) રીત (૨૦) પનાહ (૨૨) ઉથલપાથલ

**ઊભી ચાવી :-** (૧) ભરણપોષણ (૨) ગળી (૩) વાયા (૪) નમન (૬) ગ્રીવા (૮) અંગત (૯) ગળો (૧૧) કનક (૧૩) ચાકરી (૧૬) અનાથ (૧૮) તરસ (૧૯) સાથ (૨૦) પપા (૨૧) હલ

## સુપર સિંગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુડાસણ ખાતેથી આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ફેસબુક ઉપરથી પણ ફોર્મ ઉપલબ્ધ થશે. આગામી જાન્યુઆરી મહીનાના પ્રથમ સપ્તાહમાં ટાઉનહોલ ખાતે આ સ્પર્ધા યોજવામાં આવશે. જયારે વિજેતા કલાકારોને ટી.વી.માં આવતા રિયાલીટી શો માટે પણ સંસ્થા દ્વારા પ્રમોટ કરવામાં આવશે તેમ પણ જણાવાયું છે.

## ખનિજ વિભાગનો સપાટો...

● પાના ૫નું ચાલુ

રચના ઈન્ફ્રાસ્ટ્રકચરના એક હિટાચી મશીન અને બે ડમ્પર ઝડપી પાડયા હતા. બે ડમ્પરને સીલ કરી વડાગામ સરપંચને સોંપેલ છે. હીટાચી મશીન કદાવર હોવાના કારણે તેમજ બિન અધિકૃત રીતે ખનન કરી રહેલી માઈન્સમાં જ સીલ કરવામાં આવ્યું હતું. આમ બે દિવસમાં ૧.૪૦ કરોડનો મુદ્દામાલ ઝડપી પાડતા અને વગર પરમીટે ખનીજ વહન કરતા અરવલ્લી જિલ્લાના ખનીજ માફિયામાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પરંતુ ખાણ ખનીજ વિભાગની આવી કડક કાર્યવાહી કયાં સુધી રહે છે તે પણ જોવું રહ્યું તેવી ચર્ચા લોકો કરતાં નજરે પડયા હતાં.

## ઝડપી નિકાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નક્કી કરવામાં આવી છે. આમ છતાં કેટલાક વિભાગો દ્વારા આવા સંદર્ભ પત્રોનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં ન આવતાં આવા સંદર્ભ પત્રો કેટલાક વિભાગોમાં પડતર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ પડતર સંદર્ભ પત્રો અંગે યોજાયેલી સમીક્ષા બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રજુ કરવામાં આવેલ પ્રેઝન્ટશનમાં વિભાગવાર આવા પડતર સંદર્ભો તથા કેટલા સમયગાળાથી આ સંદર્ભો પડતર છે તેની વિગતો રજુ કરવામાં આવી હતી જે દરમિયાન એવું સરકારના ધ્યાન પર આવ્યું હતું કે વિભાગોમાં અંદાજે ૧૦૦થી વધુ સંદર્ભ પત્રો પડતર છે જે પૈકી ૧૦ થી વધુ સંદર્ભ પત્રો કેટલાક વિભાગોમાં એક વર્ષ કરતાં પણ વધુ સમયથી પડતર છે.

વિભાગોમાં પડતર સંદર્ભ પત્રો અંગે રાજય સરકારે ગંભીર નોંધ લઈને રાજય સરકારે જે વિભાગોમાં આવા વધુ સંદર્ભ પત્રો છે અને જે વિભાગોમાં લાંબા સમયથી સંદર્ભપત્રો પડતર છે તે વિભાગોના વડાઓને આવા સંદર્ભ પત્રોનો તાત્કાલીક નિકાલ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

## નવી આવાસ યોજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કીમ નં. ૧૦માં નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવશે. આ યોજના અન્વયે ૪૧.૯૨ ચો.મી.ના કાર્પેટ એરિયામાં ડ્રોઈંગરૂમ, બેડરૂમ, સ્ટડીરૂમ, રસોડું તેમજ શૌચાલય સાથે પ્રત્યેક યુનિટ તૈયાર કરવામાં આવશે. આવાસની અંદાજિત કિંમત રૂ. ૧૧ લાખ નિયત કરવામાં આવી છે. અરજીપત્રકની કિંમત રૂ. ૨૦૦ વસુલવામાં આવશે. જયારે અરજદારે અરજી સાથે રૂ. ૨૫૦૦૦ ડીપોઝીટ પેટે ચુકવવા પડશે. અરજદારના કુટુંબની આવકની મહત્તમ મર્યાદા રૂ. ૨.૫૦ લાખ હોય તેવા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. ડ્રો સિસ્ટમના આધારે આવાસોની ફાળવણી કરવામાં આવશે. મહાનગરપાલિકા તેમજ શહેરી વિકાસ સત્તા મંડળની હદમાં પોતાની માલિકીનું મકાન ન હોય તેવા અરજદારોને જ આ યોજનાનો લાભ મળશે. આ યોજના અન્વયે આગામી તા. ૧૧ નવેમ્બરથી ૩૧ ડીસેમ્બર દરમિયાન ઉદ્યોગભવન સ્થિત ગુડાની કચેરી તેમજ દેના બેંકની સે-૨૨ની શાખા મારફતે ફોર્મનું વિતરણ કરવામાં આવશે.

**ટચૂકડી જાહેર ખબર**

**ફ્લેટ ભાડે આપવાનો છે**

ટેરેસ બાલ્કની, હવા-ઉજાસ વાળો, સેમી ફર્નિશ્ડ વીથ એ.સી., ફ્રીજ, ગીઝર સાથે ઓફીસરને લાયક, સેક્ટર-૨૯માં ઘ-રોડ બસ સ્ટેન્ડ પાસે, 2 BHK વાળો ફ્લેટ ભાડે આપવાનો છે.

**સંપર્ક : ૯૭૨૭૭ ૧૭૨૫૯**

### જાહેર નિવિદા

જિલ્લા પ્રોગ્રામ ઓફીસર, આઈ.સી.ડી.એસ. સેલ, જિલ્લા પંચાયત, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૪૫૧૦૯)માં એક એકાઉન્ટન્ટ (૧૧ માસના કરાર આધારિત) લેવા માટેની જાહેરાત જિલ્લા પંચાયત, ગાંધીનગરની વેબસાઈટ જોઈ લેવા www.gandhinagardp.gujarat.gov.in અને તે અનુસાર જાહેરાતમાં દર્શાવેલ સરનામે તથા નિયત નમુનામાં તમામ સાધનિક પુરાવાની પ્રમાણિત નકલ સહ જાહેરાત આવ્યેથી દિન-૭માં અરજીઓ આર.પી.એ.ડી.થી મોકલી આપવા જણાવવામાં આવે છે.

**સહી/- (સી. એન. ઉપાધ્યાય)**
પ્રોગ્રામ ઓફીસર
આઈ.સી.ડી.એસ. સેલ
જિ. પં. ગાંધીનગર

**સહી/- (વિકટર મેકવાન)**
જિલ્લા વિકાસ અધિકારી
ગાંધીનગર

**માહિતી/૧૫૮૪/૨૦૧૪-૧૫**

### નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
### જાહેર નિવિદા નં.-૦૫ વર્ષ ૨૦૧૪-૨૦૧૫

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા આ પ્રકારના કામના અનુભવી ઈજારદારશ્રી પાસેથી ઓનલાઈન ટેન્ડરો (ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ)થી ભાવો મંગાવવામાં આવે છે. કામની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | કામનું નામ | અંદાજીત રકમ રૂ. | ૧) બાનાની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમય મર્યાદા<br>૪) ઈજારદારશ્રીની શ્રેણી |
|---|---|---|---|
| ૧. | નર્મદા મુખ્ય નહેરની સાંકલ ૩૨૬.૪૦ કી.મી. (ખોરસમ)થી મુક્તેશ્વર જળાશય સુધીની પાઈપ લાઈન યોજના અંતર્ગત માતપુર-કલ્યાણા-ડીંડરોલ પાઈપલાઈનને ડીંડરોલથી મુક્તેશ્વર ઉદ્વહન પાઈપ લાઈન યોજનાના બાંધકામ કામગીરીના સંદર્ભમાં કન્સલ્ટન્સી સર્વિસ પુરી પાડવાનું કામ. | ૧૫૦૦૦૦૦.૦૦ | ૧) ૧૫૦૦૦/-<br>૨) ૯૦૦/-<br>૩) ૬ મહિના<br>૪) આવા પ્રકારના કામના અનુભવી |
| ૨. | દહેગામ તાલુકાના સોંપા (બબલપુર) સર્વે નં. ૫૯૧નું પંડ્યાળી તળાવ ઉંડુ કરવાનું કામ. | ૫૧૨૦૭૦.૦૦ | ૧) ૫૧૨૫/-<br>૨) ૯૦૦/-<br>૩) ૬ મહિના<br>૪) ઈ-૨ અને ઉપરના |
| ૩. | મોડે વેડા (ગોવિંદપુરા) તા. કલોલ, જી. ગાંધીનગર ગામના સર્વે નં.૬૭૧નું સાલીયા તળાવ તથા સર્વે નં. ૭૭૮નું ભૈરત તળાવ ઉંડું કરવા બાબત. | ૯૯૩૨૮૯.૭૫ | ૧) ૯૯૩૫/-<br>૨) ૯૦૦/-<br>૩) ૬ મહિના<br>૪) ઈ-૨ અને ઉપરના |
| ૪. | મોજે વેડા (ગોવિંદપુરા), તા. કલોલ જી. ગાંધીનગર ગામના સર્વે નં. ૧૩૮નું નાળ તળાવ ઉંડુ કરવાનું કામ. | ૧૩૮૨૩૨૬.૪૦ | ૧) ૧૩૮૨૫/-<br>૨) ૯૦૦/-<br>૩) ૬ મહિના<br>૪) ઈ-૨ અને ઉપરના |
| ૫. | મોજે વેડા (ગોવિંદપુરા), તા. કલોલ જી. ગાંધીનગર ગામના સર્વે નં. ૩૮૦નું નામદેશ્વર તળાવ ઉંડુ કરવાનું કામ. | ૧૦૬૩૫૩૦.૦૦ | ૧) ૧૦૬૪૦/-<br>૨) ૯૦૦/-<br>૩) ૬ મહિના<br>૪) ઈ-૨ અને ઉપરના<br>૫) ૧ લાખ |
| ૬. | મોજે વેડા (ગોવિંદપુરા), તા. કલોલ જી. ગાંધીનગર ગામના સર્વે નં. ૯૭૦નું જેડવા તળાવ ઉંડું કરવાનું કામ. | ૧૨૨૪૭૬૬.૪૦ | ૧) ૧૨૨૫૦/-<br>૨) ૯૦૦/-<br>૩) ૬ મહિના<br>૪) ઈ-૨ અને ઉપરના. |

ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ **www.nwr.nprocure.com** ઉપરથી તા. ૭/૧૧/૨૦૧૪થી તા. ૨૦/૧૧/૨૦૧૪, ૧૮-૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની જોડવી) સોલવંશી (ચાલુ કેલેન્ડર વર્ષની) તથા અન્ય ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૧/૧૧/૨૦૧૪થી તા. ૨૭/૧૧/૨૦૧૪ સુધી સમય ૧૮-૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. ટેન્ડર ખોલવાની તા. ૨૮/૧૧/૨૦૧૪, ૧૨-૦૦ કલાકે (શક્ય હશે તો) છે. વધુ માહિતી વેબસાઈટ **www.nwr.nprocure.com** પરથી મેળવી શકાશે.

માહિતી/૧૫૮૭/૨૦૧૪-૧૫

### જાહેરનામું

**મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર**
**તારીખ : ૧૦ ઓક્ટોબર, ૨૦૧૪**
**જમીન સંપ્રાપ્તી અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)**

**જિલ્લો : ગાંધીનગર**
**નંબર : અમ/૨૦૧૪/૩૧/મ/જગધ/૧૫૧૩/૮૯૫/ધ**

ભારતના બંધારણની કલમ: ૨૫૮ના ખંડ (૧) અન્વયે પાડવામાં આવેલ ભારત સરકારના ખેતી (ગ્રામ્ય વિકાસ વિભાગ) મંત્રાલયના તારીખ ૨૦-૮-૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧/ ૩૨/ ૧૭/ ૮૪/ એસ.આર.ડી./એસ.ઓ. / ૭૮૭/ઈ) દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ના જમીન સંપાદન અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો) હેઠળના સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે.

અને મહેસુલ વિભાગના તારીખ ૧૯-૬-૨૦૧૩ના સરકારી જાહેરનામા નંબર : એમ-૨૦૧૩- મ-૩૪-મ-જગધ-૧૫૧૩-૮૯૫-ધ જે કાયદાનુસાર તારીખ ૧૯-૬-૨૦૧૩ના રોજ પ્રસિદ્ધ કરાયેલ તેથી જાહેર કરવામાં આવ્યું હતું કે, આ સાથેના અનુસુચિની આસન-૩માં દર્શાવેલ જાહેર હેતુ માટેની આ સાથેની અનુસુચિમાં દર્શાવેલી જમીનો (હવે પછી અહીં ઉક્ત જમીનો તરીકે ઉલ્લેખાયેલ)ની જરૂર પડે તેવી સંભવ હતો એથી,

સને ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તી અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫-એની પેટા કલમ (૨) મુજબ ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન, અમદાવાદના અહેવાલ પર વિચારણા કર્યા બાદ ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે સાથે અનુસુચિ આસન-૩માં દર્શાવેલ જાહેર હેતુસર ઉક્ત જમીન સરકારી ખર્ચે સંપ્રાપ્તી કરવાનું જરૂરી છે. એથી

ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ મુજબ આથી જાહેર કરવામાં આવે છે કે, આ સાથેની અનુસુચિના આસન-૩માં દર્શાવેલ જાહેર હેતુ માટે જમીનોની જરૂરત છે, એથી

ઉક્ત અધિનિયમની કલમ-૩ના ખંડ (સી) અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન, અમદાવાદને આથી ઉક્ત જમીનો સંબંધમાં હવે પછી કરવાની બધી કાર્યવાહી માટે કલેક્ટરની કાર્યો બજાવવા નીમવામાં આવે છે. ઉક્ત જમીનોની સંપ્રાપ્તી માટે ઉક્ત અધિનિયમની કલમ-૭ અન્વયે હુકમ મેળવવાની પણ તેમને સૂચના આપવામાં આવે છે. ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન, અમદાવાદની કચેરીએ ઉક્ત જમીનનો નકશો તપાસી શકશે.

**અનુસુચિ**

**જીલ્લો : ગાંધીનગર, તાલકો : ગાંધીનગર, ગામ : કોટેશ્વર**

| ક્રમ નંબર | સર્વે નંબર બ્લોક નંબર | જરૂરી જમીનનો આશરે વિસ્તાર હે.આરે.ચો.મી. | | | જે જાહેર હેતુ માટે જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | | ૩ |
| ૧ | ૧૪૨ | ૦૧ | ૦૦ | ૧૬ | તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન લિમિટેડ અમદાવાદ પ્રોજેક્ટ, ચાંદખેડાના સારકામ નંબર : એમ.ઓ.એચ. (એમ.ટી-૧૪) એલ.એ.ક્યુ. કેસ નં. (૩૧/૨૦૧૩/જી) |
| ૨ | ૧૪૩ | ૦૦ | ૧૨ | ૦૦ | |
| ૩ | ૧૪૪ | ૦૦ | ૧૧ | ૦૦ | |
| | કુલ | ૦૧ | ૨૪ | ૧૬ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સહી/-**
**નાયબ કલેક્ટર અને**
**ખાસ જમીન સંપાદન અધિકારી**
**ઓ.એન.જી.સી., અમદાવાદ**

**સહી/-**
**હરિશ કે. પ્રજાપતિ**
**સરકારના ઉપસચિવ**

**ક્રમાંક/સંમાનિ/અમદ/૧૦૮૪/૨૦૧૪**